વિષય: સામાજિક વિજ્ઞાન

૨૫/૨૫ ગુણ: ૮૦

પ્ર:૧ આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ (અ) આપો [10]

1. C ગોવા
2 B વોરન હેસ્ટિંગ્સ
3 A ઈ.સ. 1764 માં
4 B બે
5 A બિરસા મુંડા
6 C ડેલહાઉસી
7 A કુંવરસિંહ
8 A અમદાવાદ
9 C પોર્ટુગીઝોએ
10 B મુંબઈ - થાણા

(બ) નીચેના વિધાનો ખરાં કે ખોટાં છે તે જણાવો [04]

1. X - ખોટું
2. ✓ - સાચું
3. ✓ - સાચું
4. X - ખોટું

(ક) બંધ બેસતાં જોડકાં જોડો [04]

| અ | બ |
|---|---|
| 1. લોખંડ-પોલાદ ઉદ્યોગ | (C) જમશેદપુર |
| 2. કાપડ ઉદ્યોગ | (D) અમદાવાદ |
| 3. ફોર્ટ સેન્ટ જ્યોર્જ | (E) ચેન્નાઈ |
| 4. ફોર્ટ વિલિયમ | (A) કોલકાતા |

પ્ર.2 (અ) નીચેના પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યમાં લખો (ગમે તે ત્રણ) [09]

1. મૈસૂર વિગ્રહો કુલ ચાર થયા. - પ્રથમ બે યુદ્ધો (ઈ.સ. 1767-69 અને ઈ.સ. 1780-84) હૈદરઅલી સાથે થયા અને બીજાં બે યુદ્ધો (ઈ.સ. 1790-92 અને ઈ.સ. 1799) હૈદરઅલીના શક્તિશાળી પુત્ર ટીપુ સુલતાન સાથે થયાં - પ્રથમ મૈસૂર યુદ્ધ નું કોઈ પરિણામ આવ્યું નહિ. - દ્વિતીય મૈસૂર-વિગ્રહ સમયે ઈ.સ. 1782 માં હૈદરઅલીનું મૃત્યુ - બન્ને પક્ષે સમાધાન થયું - તૃતીય મૈસૂર-વિગ્રહમાં ટીપુ સુલતાન હાર્યો - ભયંકર હાનિ થઈ - ચતુર્થ મૈસૂર-વિગ્રહમાં ટીપુ સુલતાન વીરગતિ પામ્યો - શક્તિશાળી શાસકને ખતમ કરી પોતાનું સામ્રાજ્ય દૃઢ બનાવ્યું - મૈસૂર રાજ્ય વાડિયાર રાજવંશને સોંપ્યું - સહાયકારી સંધિ લાગુ પાડી.

2. અંગ્રેજ શાસનમાં જનજાતિઓની પ્રવૃત્તિઓ: કેટલાંક જનજાતિ સમૂહો ખેતી અથવા ભેગું કરી જીવન જીવતા - પશુપાલન સાથે સંકળાયેલા હતા - ઋતુ અનુસાર તેઓ ઘેટાં-બકરાં કે ગાય-ભેંસનું ધણ લઈ સ્થળાંતર કરતા - ઓડિશાના જંગલોમાં રહેતા - ખોંડ સમુદાયના લોકો ટોળીઓ બનાવી સમૂહમાં શિકાર કરતાં - જંગલોમાંથી ફળ, કંદમૂળ, ઔષધિઓ અને જડીબુટ્ટીઓ એકત્ર કરતાં - જંગલોમાંથી મેળવેલ વસ્તુઓ સરખા ભાગે એકબીજાને વહેંચતા - સ્થાનિક બજારોમાં વેચતા - ખોંડ જનજાતિના લોકો કાપડ વણવાનો, ચામડાં કમાવવાનો, રંગવાનો વ્યવસાય કરતાં - રંગકામમાં કુસુંબી અને પલાશના ફૂલોનો ઉપયોગ કરતાં - આદિવાસી સમૂહો બે પ્રકારે ખેતી કરતા (I) સ્થળાંતરીય ખેતી (II) સ્થાયી ખેતી

3. ઈ.સ. 1857 ના સંગ્રામની નિષ્ફળતાના કારણો:
(1) કેન્દ્રીય નેતાગીરીનો અભાવ: ઘણાબધા નેતાઓ હતા - પરિણામે અવ્યવસ્થા સર્જાઈ - રાજાઓ અને જાગીરદારો કોઈનો હુકમ માનવા તૈયાર ન હતા - શિસ્તનો પણ અભાવ - જુદીજુદી જગ્યાએ જુદાજુદા નેતાઓ નેતૃત્વ કરતા - કેન્દ્રીય નેતાગીરીનો અભાવ મુખ્ય કારણ બન્યુ
(2) અંગ્રેજોની લશ્કરી તાકાત: સંગ્રામના નેતાઓ અને સૈનિકો કરતા અંગ્રેજો પાસે આધુનિક લશ્કરી શસ્ત્ર-સરંજામ, રેલવે-તાર વ્યવસ્થા હતા - શક્તિશાળી સેનાપતિ - દરિયાઈ તાકાત હોવાને કારણે અંગ્રેજ નૌકાદળ બહારથી ઝડપી નવા સૈનિકો લાવવા સક્ષમ -

જ્યારે સંગ્રામમાં લક્ષ્મીબાઈ અને તાત્યા ટોપેને બાદ કરતાં કોઈ શક્તિશાળી નેતૃત્વ ન હતું.

(3) અન્ય કારણો: મોટા ભાગના રાજાઓ સંગ્રામમાં જોડાયા ન હતા - હૈદરાબાદ, કશ્મીર, પટિયાલા, ઈન્દોર, ગ્વાલિયર, વડોદરા અને ભોપાલના શાસકો એ અંગ્રેજોને સહકાર આપ્યો - શીખો અને ગુરખાઓ અંગ્રેજોના પક્ષમાં લડ્યા - અંગ્રેજ સરકારના ભોડિયાતો, શિક્ષિતો અને બુદ્ધિજીવીઓ સંગ્રામથી દૂર રહ્યા. - સમગ્ર ભારતમાં સંગ્રામ ફેલાયો ન હતો.

4. અંગ્રેજ શાસન દરમિયાન ભારતમાં કાપડ ઉદ્યોગનો વિકાસ:

પ્રાચીન સમયથી ભારતીય કાપડ-ગૃહઉદ્યોગ વિશ્વ વિખ્યાત - મલમલ અને પટોળા અમીરોની શોભા ગણાતી - ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત કાપડ ઉદ્યોગમાં થઈ - ભારતમાં સૌપ્રથમ કાપડમીલ ઈ.સ. 1854 માં મુંબઈ માં શરૂ થઈ - ત્યારબાદ અમદાવાદ, નાગપુર, સોલાપુર, ચેન્નઈ જેવા સ્થળોએ કાપડ મીલ શરૂ થઈ. - અમદાવાદમાં જ 106 મિલો શરૂ થઈ - અમદાવાદને ભારતનું 'માન્ચેસ્ટર' ગણાતા - રણછોડલાલ છોટાલાલે ઈ.સ. 1861માં મે માસની 30મી તારીખે ગુજરાતની સૌપ્રથમ મિલ શરૂ કરી - સોલાપુર અને દક્ષિણ ભારતના મદુરાઈમાં કાપડ ઉદ્યોગનો વિકાસ -

(બ) નીચેના ઐતિહાસિક કારણો આપો (ગમે તે બે) [06]

1. યુરોપિયન પ્રજાને ભારત તરફનો જળમાર્ગ શોધવાની ફરજ પડી કારણ કે.. ઇ.સ. 1453 માં તુર્કોએ કોન્સ્ટેન્ટિનોપલ જીતી લીધું - ભારત અને યુરોપ વચ્ચેના વેપારના માર્ગનું મુખ્ય મથક હતું - તુર્કોએ કોન્સ્ટેન્ટિનોપલ જીતી લેતા યુરોપના અને વિશ્વના પશ્ચિમના દેશોમાં ભારતનો માલ જતો બંધ થયો - યુરોપવાસીઓને ભારતના મરી-મસાલા, ની ખૂબ માંગ હતી - ઉપરાંત સુતરાઉ કાપડ, રેશમી કાપડ, મરીમસાલા, તેજાના, ગળી, સુરોખાર, ઇમારતી લાકડા, અફીણ યુરોપમાં નિકાસ થતો - માંસ સાચવવા ભારતીય મરીમસાલાની ખૂબ જરૂર - જમીનમાર્ગે થતો વેપાર બંધ થતા નવો જળમાર્ગ શોધવાની ફરજ પડી.

2 ભારતના સૈનિકોએ એનફિલ્ડ રાઇફલને અડકવાનો ઇન્કાર કર્યો કારણ કે-" એનફિલ્ડ રાઇફલના કારતૂસના ઉપરના ભાગે આવેલી કેપ દાંત વડે તોડવાની હતી - જાન્યુઆરી 1857 માં

બંગાળમાં રહેલા ભારતીય સૈનિકોમાં અફવા- કારતુસની ટોપમાં
ગાય અને ડુક્કર ની ચરબીનો ઉપયોગ- હિન્દુ અને મુસ્લિમ
સૈનિકો આ વાતથી ભડકી ઉઠ્યા.- ગાય હિંદુઓ માટે પવિત્ર
હતી જ્યારે મુસ્લિમો માટે ડુક્કરનુ માંસ પ્રતિબંધિત હતુ - મોંમાં
મુકતા તેઓ ધર્મભ્રષ્ટ થાય- માટે ઇન્કાર કર્યો

(3) બ્રિટિશ શાસન દરમિયાન મોટાભાગના ખેડૂતો જમીન-વિહોણા
ખેત મજૂરો બની ગયા કારણકે ---- બ્રિટિશ શાસન દરમિયાન
જમીન મહેસૂલની જુદીજુદી પદ્ધતિઓ દાખલ કરવામાં આવી
જેમકે કાયમી જમાબંધી, રૈયતવારી પદ્ધતિ અને મહાલવારી
પદ્ધતિ. કાયમી જમાબંધી મહેસૂલ પદ્ધતિમાં અગાઉથી નિશ્ચિત
કરેલુ મહેસૂલ ભરવુ પડતુ - જમીનદાર જુલમ કરીને પણ મહેસૂલ
વસૂલ કરતો - જે મહેસૂલ ના ભરી શકે તેની જમીન જપ્ત થતી-
સરકારને ખેડૂતના હિતમાં રસ ન હતો - રૈયતવારી પદ્ધતિમાં
જમીન ખેડનાર જમીનનો માલિક બને - સરકારની શરત મુજબ
મહેસૂલ ભરવું પડતુ- જમીન માલિકીનો કોઈ ફાયદો નહીં. આમ
ખેડૂત કંગાળ બન્યો - જમીન મહેસૂલ ના ભરી શકવાથી જમીન
જપ્ત થતા જમીન વિહોણા બન્યા.

(ક) ટૂંકનોંધ લખો (ગમે તે એક) [03]

1 રૈયતવારી પદ્ધતિ: 19મી સદીની શરૂઆતમાં ઇ.સ. 1820
મુંબઈ અને ચેન્નાઈ પ્રાંતોમા આ પદ્ધતિ લાગુ પાડી- તેના
પ્રણેતા થોમસ મુનરો હતા - ચેન્નાઈના ગવર્નર હતા- જમીન
ખેડનાર જમીનનો માલિક બનતો - જમીન મહેસૂલ વધુ ચૂકવવુ
પડતા માલિકી હકનો કોઈ ફાયદો નહીં- કારણો: (i) જમીનનું
વધુ પડતુ મહેસૂલ (ii) સરકાર ઇચ્છે ત્યારે જમીન મહેસૂલમાં
વધારો કરવાનો હક ધરાવતી (iii) કોઈપણ સ્થિતિમાં અનાજ
ન પાકે કે નાશ પામે તો પણ જમીન મહેસૂલ ભરવુ પડતુ

2 પ્લાસીનું યુદ્ધ: ઇ.સ. 1757 માં યુદ્ધ થયું- અંગ્રેજો અને
સિરાજ-ઉદ્-દૌલા વચ્ચે ખેલાયુ- બંગાળના નવાબ ના સેનાપતિ
મીરજાફરને નવાબ બનાવવાનું વચન આપી ફોડી મેળવ્યો- ઉપરાંત
બંગાળના મોટા શાહુકારો જગતશેઠ, રાય દુર્લભ અને અમીચંદને
પોતાની તરફેણમાં કરી લીધા- માર્ચ, 1757 માં ફ્રેન્ચ વસાહત પર
આક્રમણ- 23 જૂન, 1757 ના રોજ ક્લાઇવના નેતૃત્વ હેઠળ અંગ્રે-
જોના અને નવાબની સેના વચ્ચે મુર્શિદાબાદ પાસે પ્લાસીના
સ્થળે યુદ્ધ- સિરાજ-ઉદ્-દૌલાની હત્યા- અંગ્રેજોની જીત- બંગાળ
અંગ્રેજોના અધિકારમાં આવ્યુ- ભારતના ઇતિહાસમાં આ યુદ્ધ
મહત્વની ઘટના- અંગ્રેજ શાસનની શરૂઆત- 1818 સુધી આખા

પ્ર:3 (અ) કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો [07]

1. આમુખ
2 ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
3 389
4 545
5 રાષ્ટ્રપતિ
6 પ્રધાનમંત્રી
7 ઉપરાષ્ટ્રપતિ

(બ) નીચેના પ્રશ્નોના જવાબ બે-ત્રણ વાક્યમાં લખો [10]
(ગમે તે પાંચ)

1. વિશ્વમાં સૌથી મોટું લેખિત બંધારણ- લોકશાહી, બિનસાંપ્રદાયિક, પ્રજાસત્તાક અને સંઘ રાજ્ય તેની વિશેષતા છે.

2 મૂળભૂત ફરજો : (ગમે તે બે ગણાવી)

(1) બંધારણને વફાદાર રહેવાની, તેના આદર્શો, સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની
(2) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની- અનુસરવાની
(3) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની - તેમનું રક્ષણ કરવાની
(4) દેશનું રક્ષણ કરવાની - રાષ્ટ્રીય સેવા બજાવવાની
(5) ધર્મ, ભાષા, પ્રાદેશિક- સાંપ્રદાયિક ભેદોથી પર રહીને તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવી- સ્ત્રીઓની ગૌરવને અપમાનિત કરે ~~[illegible]~~ તેવા વ્યવહારો ત્યજવા.
(6) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી - જાળવી રાખવાની
(7) જંગલો, તળાવો, નદીઓ - વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવું- સુધારણા કરવી અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની
(8) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની
(9) જાહેર મિલકતનું રક્ષણ - હિંસાનો ત્યાગ કરવાની
(10) રાષ્ટ્ર પુરુષાર્થ - સિદ્ધિ - ઉન્નત સોપાનો ભણી પ્રગતિ કરે તે માટે વૈયક્તિક અને સામુહિક પ્રવૃત્તિના તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન
(11) માતા-પિતા કે વાલીએ 6 થી 14 વર્ષ સુધીના પોતાના બાળક-પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની ફરજ

3 ભારતીય બંધારણના મુખ્ય ઘડવૈયા:

ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, જવાહરલાલ નહેરુ, ડૉ. ભીમરાવ આંબેડકર, સરદાર વલ્લભભાઈ પટેલ, સરદાર બલદેવસિંઘ, ફ્રેંક એન્થોની, એચ. પી. મોદી, એ.કે.એમ. ઐયર, મૌલાના અબુલ કલામ આઝાદ, શ્યામા પ્રસાદ મુખરજી, કનૈયાલાલ મુનશી, કે.ટી. શાહ તથા મહિલા પ્રતિનિધિઓમા સરોજિની નાયડુ, વિજ્યાલક્ષ્મી પંડિત વગેરે

4 લોકસભાના મુખ્ય કાર્યો:

(1) સંઘયાદીના વિષયો પર કાયદા ઘડવાનું કાર્ય

(2) દેશના લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી નવા કાયદા ઘડવા, જૂના કાયદામા ફેરફાર તેમજ રદ કરવાનુ કામ

(3) મંત્રીમંડળના સભ્યોની કામગીરી પર અંકુશ અને નિયમન રાખવું

(4) દેશના બજેટને મંજૂરી આપવી- જે પ્રથમ લોકસભામાં રજૂ ત્યારબાદ રાજ્યસભામાં રજૂ કરવામાં આવે છે.

(5) મંત્રીમંડળની કામગીરીથી સભ્યોને સંતોષ ન હોય- તેની સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર કરી સત્તા છોડવાની ફરજ પાડવી.

(6) દેશના વિવિધ પ્રશ્નો વિશે ચર્ચા - તે તરફ સરકારનું ધ્યાન દોરવું

(7) કેન્દ્ર સરકારે કોઈપણ નાણાકીય બાબત માટે લોકસભાની મંજૂરી

5 રાષ્ટ્રપતિની લાયકાતો:

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ

(2) તેમની ઉંમર 35 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ

(3) સરકારના પગારદાર કર્મચારી હોવા જોઈએ નહીં.

(4) લોકસભા કે રાજ્યસભાના સભ્ય બની શકે તેટલી લાયકાત ધરાવતા હોવા જોઈએ.

6 દેશમાં કાયદાની જરૂરિયાત ....

કાયદો "સૌ સમાન સૌને સન્માન" ની નીતિ ને આધારે કાર્ય- દેશમાં શાંતિ, સલામતી અને એકતાનો આધાર કાયદા પર છે. લોકવ્યવસ્થા તેમજ સુચારું તંત્ર માટે કાયદો જરૂરી- ભારતીય બંધારણના મૂલ્યો નું જતન.

પ્ર:4 (અ) નીચેના ભૌગોલિક કારણો લખો [09]

(ગમે તે ત્રણ)

1. જંગલો આપણને ખુબ ઉપયોગી છે કારણ કે...
વાતાવરણમાં ઓક્સિજન અને કાર્બનડાયોક્સાઇડનું સંતુલન-
ઈમારતી અને બળતણનું લાકડું, જમીન ધોવાણને અટકાવે છે.
ભૂગર્ભ જળની જાળવણી, વિવિધ ફળો, ઔષધિઓ, ગુંદર,
ઉદ્યોગો માટે કાચો માલ જેવી અનેકવિધ આપણી જરૂરિયાતો
જંગલો સંતોષે છે.

2 ખનીજતેલને 'કાળુ સોનું' કહેવામાં આવે છે કારણ કે...
જેમ સોનું કિંમતી છે તેમ ખનીજતેલ પણ કિંમતી છે. તેમાંથી
ઉપયોગી પદાર્થો મેળવવામાં આવે છે- ઊંજણદ્રવ્ય જરૂરિયાતે તેનો
ઉપયોગ થાય છે- ઈંધણ તરીકે પેટ્રોલ, ડીઝલ, ઊંજણતેલ
તરીકે ઉપયોગી- બળતણ તરીકે કેરોસીનનો ઉપયોગ. તેનો
કોઈ પણ ભાગ બિન ઉપયોગી હોતો નથી અને તેના
બહોળા વ્યાપારિક મહત્વના લીધે તેને 'કાળુ સોનું' કહે છે.

3 ભવિષ્યમાં બિનપરંપરાગત ઉર્જાસ્ત્રોતોનો ઉપયોગ વધારવો
પડશે કારણ કે.... કોલસો કે ખનિજતેલ જેવા પરંપરાગત
કુદરતી સંસાધનો મર્યાદિત જથ્થામાં ઉપલબ્ધ- તેમના
ઉપયોગથી પર્યાવરણીય પ્રદુષણ પણ ઉત્પન્ન થાય છે- ભવિષ્યમાં
આ ઈંધણોના ભંડારો ખલાસ થઈ જશે- માટે તેના વિકલ્પે
સૌર ઉર્જા, પવન ઉર્જા, ભૂતાપીય ઉર્જા, ભરતી ઉર્જા જેવા બિન-
પરંપરાગત સંસાધનોનો ઉપયોગ જ શક્ય બનશે માટે

4 ખેતીમાં 'ટપક સિંચાઈ પદ્ધતિ' શ્રેષ્ઠ સિંચાઈ પદ્ધતિ છે.
કારણ કે... સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિનો એક પ્રકાર છે- પાણીની
બચત થાય છે- પોચક દ્રવ્યો ક્રમે ક્રમે છોડના મૂળ સુધી
પહોંચે છે- ભાષ્પીભવન ઘટે છે- મૂળ સુધી પાણી પહોંચે છે.
40 %. થી 60 %. સુધી પાણીની બચત- 25 %. થી 30 % વીજળીની
બચત - અસમતોલ જમીન માટે વધુ અસરકારક - પાણીની
અછતનો પ્રશ્ન નિવારી શકાય છે- સિંચાઈ માટે જરૂરી
વીજળીની આશરે 30 %. થી 35 %. બચત - જમીનની
ફળદ્રુપતા જળવાઈ રહે છે.

(બ) ટૂંકનોંધ લખો (ગમે તે એક) [03]

1. માનવ સંસાધન : જગતમાં સંસ્કૃતિનું નિર્માણ કરનાર
માનવ પોતે જ એક સશક્ત સંસાધન છે- કુદરતના વિવિધ
તત્વોને પોતાના જ્ઞાન અને આવડત દ્વારા સંસાધનનો
સ્વરૂપે વાપરે છે- સંસાધન બનાવનાર અને વાપરનાર કરનાર

બન્યો છે. માનવ પોતાની બૌદ્ધિક ક્ષમતા મુજબ કુદરત દ્વારા પ્રાપ્ત તત્વોમાંથી ઉત્તમ તત્વોને પસંદ કરે છે. કૌશલ્ય, આવડત, જાણકારી કે ટેક્નોલોજી દ્વારા કુદરતી સંપત્તિનો ઉપયોગ. શિક્ષણ અને આરોગ્યની સેવા દ્વારા માનવને એક વિશિષ્ટ પ્રકારનું સંસાધન બનાવે છે. માનવની સંસાધન બનવાની આ પ્રક્રિયા માનવ-સંસાધન વિકાસ કહેવાય.

2 સૌર ઉર્જા : સૂર્ય ઉર્જાનો મુખ્ય સ્ત્રોત છે. સૂર્યમાંથી મેળવેલી ગરમી અને પ્રકાશનો ઉપયોગ સૌર કોષો થી વીજળી ઉત્પન્ન કરવા માટે કરી શકાય. ગરમીની વધુ માત્રાવાળા ઉષ્ણકટિબંધીય દેશો માટે સૌર ઉર્જાનો ઉપયોગ ખૂબ જ લાભદાયક. વોટર-હીટર, સોલર-કુકર, સોલર ડ્રાયર્સ - વગેરે સ્થળો એ શક્તિ પ્રકાશ માટે અને ટ્રાફિક સંકેતોને પ્રકાશિત કરવામાં પણ થઇ શકે. સૌર ઉર્જા અખૂટ અને પ્રદૂષણ મુક્ત. સોલર રૂફ ટોપ સિસ્ટમ અપનાવવા ગુજરાત સરકાર સહાય આપે છે. ગામોમાં દીવાબત્તી - સ્ટ્રીટલાઇટ, ખેતરોમાં સિંચાઈ માટે સોલર પેનલ બેસાડવામાં આવે છે. ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA) એ છાણી પાસે 10 ટનની ક્ષમતાવાળું સૌર શીતાગાર સ્થાપ્યું છે.

પ્ર:5 (અ) મેળ જોડો [05]

1. ભારત
2. મધમાખી
3. કોલસો
4. મગફળી
5. પંજાબ

(બ) નીચેના શબ્દોની વ્યાખ્યા / સંકલ્પના આપો [06]
(ગમે તે ત્રણ)

1. કુદરતી વનસ્પતિ: પોતાની મેળે ઉગનારી વેલા, છોડવા, વૃક્ષો જેવી વનસ્પતિને કુદરતી વનસ્પતિ કહે છે.

2 ભૂ-તાપીય ઉર્જા: ભૂસંચલનીય પ્રક્રિયાને કારણે ભૂગર્ભમાંથી ઉત્પન્ન થતી વરાળને નિયંત્રણમાં લઈ જે ઉર્જા મેળવવામાં આવે છે તેને ભૂ-તાપીય ઉર્જા કહે છે.

3 સૂકી ખેતી: જ્યાં વરસાદનું પ્રમાણ ઓછું છે, સિંચાઈની અપૂરતી સગવડ અને ચોમાસામાં જ્યાં પાણીનો સંગ્રહ થતો હોય તેવી ભીનાશવાળી જમીનમાં પાણી સુકાઈ ગયા બાદ ખેતી થાય છે તેને સૂકી ખેતી કહે છે.

4 પવન ઉર્જા: દરિયાકાંઠાના વિસ્તારોમાં અને પર્વત-ખીણ જ્યાં વેગીલો અને સતત પવન વહેતો હોય છે ત્યાં પવનચક્કીના સમૂહ ઉભા કરી વિદ્યુત ઉર્જા ઉત્પન્ન કરવામાં આવે છે તેને પવન ઉર્જા કહે છે.

(ક) ભારતના રેખાંકિત નકશામાં નકશાપૂર્તિ કરો [04]

(નકશામાં જવાબ દર્શાવેલ છે.)

6

